# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

## સાદનો પ્રતિસાદ GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, AUGUST 2022 | NO: 06

### પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોઢે કરો
પ્રભુની સ્તુતિ થાઓ!!

ગીતશાસ્ત્ર : ૧૦૭:૩૧-૪૧

૩૧. આ તેની કૃપા તથા માણસજાતને સારું તેનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો યહોવાની સ્તુતિ કરે તો કેવું સારું!

૩૨. લોકો પોતાની સભામાં તેને મોટો માનો, અને વડીલોના મંડળમાં તેની સ્તુતિ કરો.

૩૩. તે નદીઓને ઠેકાણે રાન, પાણીના ઝરાઓને ઠેકાણે કોરી ભૂમિ,

૩૪. અને ત્યાંના રહેવાસીઓના પાપને લીધે ફળદ્રુપ દેશને ઠેકાણે ખારવાળી જમીન કરી નાખે છે.

૩૫. વળી તે રાનને ઠેકાણે સરોવર, અને કોરી ભૂમિને ઠેકાણે ઝરાઓ કરી નાખે છે.

૩૬. તેનાં તે ભૂખ્યાને વસાવે છે, જેથી તેઓ પોતાને રહેવાને માટે નગર બાંધે છે.

૩૭. તેઓ ખેતરમાં વાવેતર કરે છે, અને દ્રાક્ષાવાડીઓમાં રોપણી કરીને તેનાં ફળની ઊપજ પેદા કરે છે.

૩૮. તે તેઓને આશીર્વાદ આપે છે અને તેમની પુષ્કળ વૃદ્ધિ થાય છે, વળી તે તેઓનાં ઢોરઢાંક ઘટી જવા દેતો નથી.

૩૯. તેઓને જુલમથી, વિપત્તિથી તથા શોકથી પાછા ઘટાડવામાં આવે છે, અને નીચા પાડવામાં આવે છે.

૪૦. તે અમીર ઉમરાવો ઉપર અપમાન લાવે છે, અને માર્ગ વગરના અરણ્યમાં તેઓને રખડાવે છે.

૪૧. તોયે તે કંગાલોને સંકટમાંથી કાઢીને ચઢતીમાં લાવે છે, અને તેનાં કુટુંબોને ટોળાની માફક વધારી દે છે.

# ઈશ્વરના ખરા બાળકોની ઓળખાણ !

# THE IDENTITIES OF TRUE CHILDREN OF GOD!

Pr. S. Sam Selva Raj

અને તેણે તેને કહ્યુ કે, ''આ દેશ વતન તરીકે તને આપવા સારુ કાસ્દીઓના ઉરમાંથી તને કાઢી લાવનાર હું યહોવા છું.''

અને તેણે કહ્યું, ''હે પ્રભુ યહોવા, હું એનો વારસો પામીશ, એ હું શાથી જાણુ?''

અને તેણષ તેને કહ્યું કે, ''ત્રણ વર્ષની વાછરડી, તથા ત્રણ વર્ષની બકરી, તથા ત્રણ વર્ષના મેંઢો તથા એક હોલું, ને કબૂતરનું એક પીલું મારે સારું લે.''

અને તેણે એ સવ લીધાં, ને તેઓને વચમાંથી ચીરીને કકડા સામસામા મૂક્યા; પણ તેણે પક્ષીઓને ચીર્યા નહિ.

અને જ્યારે શિકારી પક્ષી તે મુડદાં ઉપર પડ્યાં ત્યારે ઈબ્રામે તેઓને ઉડાડી મૂક્યાં.

અને સૂર્ય આથમતો હતો, ત્યારે ઈબ્રામ ભર ઊંઘમાં પડ્યો; અને જુઓ, મોટો ઘોર અંધકાર તેના પર પડ્યો.

અને તેણે ઈબ્રામને કહ્યું, તું ખચીત જાણ કે, તારો વંશ પરદેશમાં ભટકશે; ને ત્યાંના લોકોની સેવા કરશે; અને ચારસો વર્ષ લગી તેઓને દુઃખ દેવામાં આવશે.

અને જે લોકોની સેવા તેઓ કરશે, તેઓનો ન્યાય પણ હું કરીશ; અને ત્યાર પછી તેઓ ઘણી સંપત્તિ લઈને નીકળશે. (ઉત્પતિ : ૧૫:૭-૧૪).


ઈબ્રાહિમે ઈશ્વર પર વિશ્વાસ કર્યો હતો અને તે તેને લેખે ન્યાયીપણા તરીકે ગણાયો. (ગલાતીઓને પત્ર ૩:૬). જે વચન ઈબ્રાહિમને ઈશ્વરે આપ્યુ હતું, તે તેમના વંશજોને ૪૩૦ વર્ષ પછી આપીને પૂરુ કરવામાં આવ્યું હતું. જે વચન આપે છે, તે વિશ્વાસું છે અને તે ચોક્કસ પરિપૂર્ણ થશે. તેથી, જ્યારે આપણે યહોવા પ્રભુ પર વિશ્વાસ કરીએ છીએ, ત્યારે તે ન્યાયીપણાને અર્થે ગણવામાં આવશે.

### ઈશ્વર આપણી પાસેથી શું અપેક્ષાઆ રાખે છે?

ઈશ્વર આપણને મોટા સ્તરે આશીર્વાદ આપવા માગે છે, તે માટે તેઓ આપણો વિશ્વાસ અને આજ્ઞાપાલનની અપેક્ષા રાખે છે. ઈશ્વરની અપેક્ષા વિશેની આપણી સમજ અકલ્પનીય છે. **''આહા! દેવની બુધ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે! તેના ઠારાવો કેવા ગુઢ, ને તેના માર્ગો કેવા અગમ્ય છે! તેના ઠરાવો કેવા ગૂઢ, ને તેના માર્ગો કેવા અગમ્ય છે! કેમ કે પ્રભુનું મન કોણે જાણ્યું છે? અથવા તેનો મંત્રી કોણ થયો છે? અથવા કોણે તેને પહેલા કંઈ આપ્યું કે, તે તેને પાછું ભરી આપવામાં આવે? કેમ કે તેનામાંથી, તથા તેના વડે, તથા તેને અર્થે, સર્વસ્વ છે. તેને સર્વકાળ મહિમા હો. આમીન.''** (રોમનોને પત્ર ૧૧:૩૩-૩૬).

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)



(ECHO GROUP)

## *from your dearly beloved brother...*

"કેમ કે આ દેવ આપણો સનાતન દેવ છે;
તે મરણ પર્યંત આપણો દોરનાર થશે."
(ગીતશાસ્ત્ર ૪૮-૧૪)



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran
Dr. A. Richard Samuel, M.A., Ph.D.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


વહાલા મિત્રો,

આ જગતના તારનાર, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના અદ્‌ભૂત નામમાં તમ સર્વને સલામ.

અમે ઈશ્વરના **ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી** પરના અપાર આશીર્વાદ માટે તેમનો આભાર માનીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ, યહોવા પ્રભુ તેમના ઘરની સમૃધ્ધિથી તમને પુષ્કળ તૃપ્ત કરશે. (ગીતશાસ્ત્ર ૩૬:૮).

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ચોખ્ખી કૃપા અને દયાથી, અમે અમારી મિનિસ્ટ્રીના ૫૪માં વર્ષમાં પ્રવેશ રહ્યા છીએ. અમે પાછલા વર્ષોમાંની અમારી મિનિસ્ટ્રીમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના વિશ્વાસુપણા માટે અને પ્રેમાળ ભલાઈ માટે તેમનો આભાર માનીએ છીએ. અને સ્તુતિ કરીએ છીએ, આ મહત્ત્વના પ્રસંગે અમે દુનિયાભરના અમારા મિત્રો તથા ભાગીદારોને આદરસહિત યાદ કરીએ છીએ અને પાછલા સમયોમાં, સારી કે ખરાબ પરિસ્થિતિઓમાં તેમના પ્રેમ, પ્રાર્થનાઓ, સહાયતા માટે અને અમારી સાથે ઉભા રહેવા માટે તેમના સહકારનો સ્વીકાર કરીએ છીએ. અમે ચોક્કસ જાણીએ છીએ કે તમારા અમારી પ્રત્યેના પ્રેમ અને ભલાઈ વગર, અમે અમારી મિનિસ્ટ્રીમાં આટલે સુધી પહોચ્યાં ન હોત.

અમે કૃતજ્ઞતાપૂર્વક અમારા ભૂતપૂર્વ સાથી કાર્યકરોને યાદ કરીએ છીએ, જેઓ પ્રભુમાં ઊંઘી ગયા છે. જેવા કે, ભાઈ જી. કમલારતન્મ, આઈ.એ.એસ., ભાઈ વોલર ડોવસન, ભાઈ એસ.સી. બકલ, ભાઈ જે. આર. સોંદારારાજ, ભાઈ જેયાકુમાર મહારાજ, ભાઈ ડી. ડબ્લ્યુ. દેવાકાંત્થાન, ભાઈ આર. ઈ. જેયારાજ, ભાઈ જી. જેયાનન્દ, પાઉલમોની અને ભાઈ મેન્યુએલ એમ. પોલરાજ, કેમ કે તેઓ અમારી મિનિસ્ટ્રીજમાં અમારા માટે મોટી સહાયતારૂપ હતા.

અમે ભારતભરમાં તેમજ પાડોશી દેશોમાં વધુ મંડળીઓ બાંધીને, રોપીને અમારી સેવાને વધુ વિસ્તારવાની યોજના કરી રહ્યા છીએ. આ ૫૪માં વર્ષમાં અમારા દર્શનને પૂરુ કરવા માટે અમે તમને વિનંતી કરીએ છીએ.

કોવિડ-૧૯ વખતના લોકડાઉનને કારણે અમે પાછલા થોડા વર્ષોમાં અપેક્ષા મૂજબ વધુ પ્રગતિ કરી શક્યા નથી. પવિત્ર આત્માને વહેડાવવા દ્વારા મજબૂત ગઢને નીચે ખેંચવા માટે આપણી સતતની પ્રાર્થના માટે હવે યોગ્ય સમય છે.

નેપાળ, બાંગલાદેશ, પાકિસ્તાન, શ્રીલંકા વગેરે દેશોનાં લોકો સુધી પહોંચવા વધુ સારી તકો ઉઘાડવા માટે અમે તમારી સતતની પ્રાર્થનાઓની ઝંખના રાખીએ છીએ. વિવિધ પ્રકારના અવરોધો હોવા છતા, અમે વિશ્વાસ રાખીએ છીએ કે ઈશ્વર રાજ્યાસન પર છે અને તેઓ નિયંત્રણમાં છે.

અમે સતત પ્રાર્થના કરીએ છીએ કે તમે સર્વ બાબતોમાં સમૃધ્ધ થાઓ અને તમે સર્વ વાતે કુશળ તથા તંદુરસ્ત રહો. (૩જો યોહાનનો પત્ર ૨). ઈશ્વર તમને આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**


**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : samselvaraj333@gmail.com



Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ✿ BIBLECOR - Postal Courses (3 languages) ✿ Online Courses ✿ Theological Correspondence Courses (2 languages) ✿ Church Planting ✿ Nehemiah Bible Colleges ✿ Gospel Printing Press ✿ Great Commission Partners ✿ St. Paul's Matriculation School ✿ Crusades ✿ Community Development

(પાન ૧ પરથી આગળ...)

એલિયા પ્રબોધકે એક રોટલીના નાના ટુકડાની અપેક્ષા રાખી હતી પણ સારફાથની વિધવાએ પૂરા સાડા ત્રણ વર્ષો સુધી તે પ્રાપ્ત કરી હતી, જ્યાં સુધી દુકાળ પૂરો નહિ થાય ત્યા સુધી. (૧ રાજાઓ ૧૭:૧૬-૧૮). જો કે આપણી આવક નાની હોય, ઈશ્વર આપણને વધુ આશીર્વાદ આપવા તેમાંથી થોડું માગે છે.

ઈશ્વરના બાળકોના આશીર્વાદ માટે, તેઓ જે મંડળીમાં સંગતમાં જાય છે, ત્યાં ઈશ્વર અપેક્ષા રાખે છે કે તેઓ તેમની આવકનો દશાંશ આપે. **''દશાંશો ભર્યાપૂરા ભંડારમાં લાવો, જેથી મારા મંદિરમાં અન્નની છત રહે અને એમ કરીને મારું પારખું તો લઈ જુઓ કે, હું તમારે સારું આકાશની બારીઓ ખોલી નાખીને સમાવેશ કરવાને પૂરતી જગા નહિ હોય, એટલો બધો આશીર્વાદ તમારા પર મોકલી દઉં છું કે નહિ...!''** (માલાખી ૩:૧૦)

સર્વે તરફથી દબાયેલા હોવાથી, તમારું જીવન કદાચ ગંભીર લડાઈનું મેદાન લાગે, કદાચ તમે છૂટકારાની રાહ જોતા હો. હિંમત રાખો, ઈશ્વર તમારી તરફ છે. જો તમે તમારી ઓળખથી મૂંઝવણનાં હશો, તો ઈશ્વર કાર્ય કરશે નહિ. આપણે શું કરવું જોઈએ?

## ૧. આપણે આપણી સ્થિતિ જાળવી રાખવી જોઈએ.

ઈશ્વરના બાળકો તરીકે, જો કે આપણે આ જગતમાં છીએ, તો પણ આપણે આ જગતના નથી. આપણી નાગરિકતા આકાશમાં છે. (ફિલિપ્પીઓને પત્ર ૩:૨૦). ઈશ્વરે આપણને ખ્રિસ્તની સાથે ઉઠાડ્યા, ને તેમની સાથે સ્વર્ગીય સ્થાનોમાં બેસાડ્યા. (એફેસીઓને પત્ર ૨:૬). કેટલીક વાર આપણે ખ્રિસ્તમાં આપણી ઉચ્ચ સ્થિતિ ભૂલી જઈએ છીએ અને નાની રીતે કાર્યો કરીએ છીએ.

આવો આપણો દાખલા તરીકે લઈએ કેઃ રાજ્યકર્તાનું કાર્યાલય મુખ્યાલયમાં હોય છે, જ્યાંથી તે કારભાર ચલાવે છે. તે દર સમયે કદાચ ત્યાં નહિ પણ હોય, કેમ કે ઘણા દેશોમાં તે મુસાફરી કરે છે. તે અન્ય દેશની મુલાકાત પણ લે; તો પણ તેની નાગરિકતા અને કાર્યાલય બદલાતા નથી. તે જે છે તે છે. અને તે તેના દેશનો જ છે. તેવી જ રીતે, ઈશ્વરના બાળકો આ જગતના કોઈ પણ દેશના હોય, પણ તેઓ સ્વર્ગના જ છે. તેઓ આ જગતના નથી. આપણે મુસાફરો છીએ અને આ જગતમાં પ્રવાસ કરીએ છીએ અને થોડા સમય માટે આપણને અહિં રહેવાની મંજૂરી આપવામાં આવી છે. આપણા દિવસો આ જગતમાં છાયા જેવા છે. (૧ કાળવૃત્તાંત ૨૯:૧૫) ગીતકર્તા કહે છે, હું તો પૃથ્વી પર મુસાફર છું. **''તારા વિધિઓ આ મારી જીવનયાત્રામાં મારાં ગીત થયા છે.''** (ગીતશાસ્ત્ર ૧૧૯:૫૪). પ્રેરિત પિતર કહે છે, **''આપણે પસંદ કરવામાં આવેલા પરદેશીઓ છીએ.''** (૧ પિતરનો પત્ર ૧:૧,૨).

આપણા મનમાં ઉપરોક્ત સત્ય રાખીને આપણને આ જગતમાં રહેવા માટે તેડવામાં આવ્યા છે. તેમજ આપણને આપણું દ્રવ્ય આકાશમાં એકઠું કરવા કહેવામાં આવ્યું છે. (માથ્થી ૬:૧૯,૨૦). આપણે આ જગતમાં કોઈપણ દેશમાં રહીએ, કોઈપણ ભાષા બોલીએ, પણ આપણે ચોક્કસ મનમાં રાખવું જોઈએ કે આપણે ઈશ્વરના રાજ્યના છીએ. તોપણ, આપણે જ્યાં રહીએ છીએ, તે દેશની સંસ્કૃતિ અને આદતો અપનાવવી જોઈએ. સર્વ બાબતો માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ અને એકબીજા પ્રત્યે ભક્તિભાવ સાથે રહીએ. બાઈબલ તે નીચે પ્રમાણે સમજાવે છેઃ **''આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે સઘળાંને સારું દેવ બાપની આભારસ્તુતિ નિત્ય કરજો. ખ્રિસ્તનું ભય રાખીને એકબીજાને આધીન રહો. પત્નીઓ, જેમ પ્રભુને તેમ પોતાના પતિઓને આધીન રહો.''** (એફેસીઓને પત્ર ૫:૨૦-૨૨) ''પતિઓ તમારી પત્નિઓ પર પ્રેમ રાખો.'' (એફ્સીઓને પત્ર ૫:૨૫, ૨૮).

આપણા જીવનોના દરેક ક્ષેત્રમાં, તે ''પ્રભુને માટે પવિત્ર'' એમ લખાવું જોઈએ. (૧ પિતરનો પત્ર ૧:૧૫). **''તે દિવસે ઘોડાઓની ઘંટીડીઓ ઉપર યહોવાને સારું પવિત્ર'' એ શબ્દો હશે...''** (ઝખાર્યા ૧૪:૨૦). ''ઈસ્રાએલ યહોવાને સારું પવિત્ર હતો. તેના પાકનું પ્રથમફળ હતો.'' (યર્મિયા ૨:૩). **''સ્ત્રીઓના સંસર્ગથી જેઓ અપવિત્ર થયા નથી તેઓ એ છે; કેમ કે તેઓ કુંવારા છે. અને હલવાન જ્યાં જાય છે ત્યાં તેની પાછળ જે ચાલનારા છે તેઓ એ છે. તેઓને દેવને સારું તથા હલવાનને સારુ પ્રથમફળ થવાને માણસોમાંથી ખરીદવામાં આવ્યા હતા.''** (પ્રકટીકરણ ૧૪:૪).

આપણી આકાશમાંની નાગરિકતા આપણા સઘળા વર્તનમાં પ્રતિબિંબિત થવી જોઈએ. આપણે સર્વ રક્ષકો સાથે તેની જાળવણી કરવી પડશે. કેટલીક વાર, આપણે કદાચ પૂછીએ, મેં બીજાઓની જેમ ભૂલો કેમ કરવી જોઈએ? આ જગતમાં હું કેવી રીતે રહી શકું? જો હું બીજા કરે તેમ કરી શકતો નથી તો? આવી પરિસ્થિતિઓમાં, આપણી પાસે ઠરાવ હોવા જોઈએ કે ભલે બીજા કરે, તો પણ મારે તેમ કરવું નહિ. મારા પાળક રેવ. સુંદરમ કહેતા હતા, ''બીજાઓ કદાચ કરે, પણ મારે કરવું ન જોઈએ અને કરીશ પણ નહિ.''

તેથી સર્વ પરિસ્થિતિઓમાં, આપણે અનન્ય અને અલગ જીવન જીવવું જોઈએ. કેટલાક ખ્રિસ્તીઓ કહે છે, તેમના આત્મિક જીવન અને સાંપ્રદાયિક નોકરીઓ અને વ્યવસાયો વચ્ચે કોઈ સંબંધ નથી. તેમનો આનંદ, પ્રેમ તથા સત્યતા, જે તેમનામાં, તેઓ મંડળીમાં હોય ત્યારે જોવા મળે છે, તે તેમના કામના સ્થળે અને તેમના વ્યવસાયમાં જોવા મળતા નથી. કેટલાક વ્યવસાય કરતા કરતા પ્રભુ માટે પણ કાર્ય કરે છે. તેઓ વ્યવસાયમાં ભાગ્યે જ સત્યને વળગી રહે છે, જેઓ કામ કરે છે, તેઓ બીજાઓની જેમ વ્યવસાય કરે છે, જેમાંના મોટા ભાગના અપ્રામાણિક હોય છે. તેઓ બીજાઓને છેતરે છે, વ્યવસાયની આટીઘૂંટી અને પદ્ધતિ પ્રભુની સેવામાં પણ વાપરે છે, અને તેમના પાળકો સાથે પણ, જેઓ તેમને ખવડાવે છે. જ્યારે તેઓને રદ્દ કરવામાં આવે છે, ત્યારે તેઓ કહે છે, ''મિનિસ્ટ્રી અને વ્યવસાય અલગ છે.'' તેમની કલ્પના પૂર્ણપણે ખોટી હોય છે. ઈશ્વરના બાળકોએ તેમની પવિત્રતા તેમના જીવનોના દરેક વિસ્તારોમાં જાળવવી જોઈએ, જે ઈશ્વરના સાચા સેવક માટે છે. **''અમારી સેવાનો દોષ કાઢવામાં ન આવે, માટે અમે કોઈપણ બાબતમાં કોઈને ઠોકર ખાવાનું કારણ આપતા નથી.''** (૨ કરિંથીઓને પત્ર ૫:૩)

**એક અનુભવ :**

એક વાર મેં એક જાણીતા ઈશ્વરના સેવકનો સંપર્ક કર્યો, જેઓ ઈશ્વરની સેવાનું કાર્ય કરી રહ્યા હતા અને એકોર્ડીયન નામના સંગીત વાજીંત્રનો વ્યવસાય (ખરીદવુ/વેચવું) પણ કરતા હતા, જેમાંથી એક મારે ખરીદવું હતું. એક ખાસ વાજીંત્ર બતાવતા, તેમણે મને કહ્યું કે આ વાજીંત્રનું ઉત્પાદન દુનિયાની એક શ્રેષ્ઠ કંપનીએ કર્યુ હતું. મેં વાજબી કિંમત આપીને એક ખરીદ્યું. કમનસીબે, એક અઠવાડિયામાં મારે મારી મિનિસ્ટ્રી માટે નાણાની જરૂર ઊભી થઈ. તેથી, તે નવું ખરીદેલું એકોર્ડીયન લઈને તેમની પાસે ગયો અને મારી પરિસ્થિતિ કહી જણાવી અને તે વાજીંત્ર વેચાવું છે એમ જણાવ્યું. તરત જ તેમણે મને કહ્યું, ‘‘આને કોણ ખરીદશે? તેના ઉત્પાદક હવે બજારમાં રહ્યા નથી. તેમણે વર્ષો પહેલા તેમની ફેક્ટરી બંધ કરી દીધી છે. આ ખરાબ વાજીંત્ર છે. આ વેચવા જેવું નથી.’’ અને તેમણે મને તે પાછું લઈ જવા કહ્યું. વહાલા ઈશ્વરના બાળકો, આપણે આવા થવું ન જોઈએ. આપણે ઈશ્વરના બાળકોમાંથી નીચે પડવું ન જોઈએ. જે ખ્રિસ્તીઓ વિવિધ વ્યવસાયોમાં કામ કરે છે, તેમણે ઘણા સાવચેત રહેવું જોઈએ, અને સર્વ સમયોએ, તેમની સ્થિતિ જાળવવી જોઈએ.

વિશ્વાસીઓએ દુન્યવી લોકો સાથે ભેગા થવું ન જોઈએ અને દારૂ પીવામાં, નાચવામાં, ભેટો મેળવવામાં, નશીલી વસ્તુઓ વેચવામાં ભાગ લેવા નજોઈએ, વ્યાવસાયિક ગેરરીતોમાં ભળવું ન જોઈએ.

**બીજો એક અનુભવ :**

એક વાર હું મારા મિત્રોમાંના એક મિત્રને એક જાણીતા ડોક્ટર પાસે લઈ ગયો. અમે બન્ને તેના ઓરડામાં પ્રવેશ્યા. ઘણા વૈદકિય સાધનો તે ઓરડામાં રાખી મૂકેલા હતા. પણ તે ઓરડાની અંદરની ખૂરસી ખાલી હતી. જ્યારે અમે અંદર ગયા, અમે કેટલાક લોકોને વાતચીત કરતા અને હસતા જોયા. અમે એક માણસને સલામ કરી અને મારા મિત્રની સમસ્યા સમજાવા લાગ્યો, એમ સમજીને કે તે ડોક્ટર છે, જેને અમે મળવા આવ્યા છે. થોડી વારમાં તેણે એક બીજી વ્યક્તિ તરફ હાથ બતાવ્યો અને કહ્યું કે તે વ્યક્તિને મળો. અમારી સલામ ખોટી વ્યક્તિને પહોંચી હતી! જે પદવી યહોવા પ્રભુએ કૃપાળુ રીતે આપણને આપી છે, તેને આદર સાથે સંભાળવી જોઈએ. આપણે તેને નીચી ન કરવી જોઈએ. ‘‘એ માટે, ભાઈઓ, તમને મળેલું તેડું તથા પ્રભુએ કરેલી તમારી પસંદગી નક્કી કરવા સારું વિશેષ યત્ન કરો; કેમ કે જો તમે એવું કરો તો તમે કદી ઠોકર ખાશો નહિ; કારણ કે એમ કરવાથી તમે આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના સર્વકાળના રાજ્યમાં પ્રવેશ કરવાને પૂરેપૂરા હકદાર થશો.’’ (૨ પિતરનો પત્ર ૧:૧૦,૧૧).

આપણને જે પદવી યહોવા પ્રભુએ આપી છે, તે ઈશ્વરના બાળકોએ સર્વ સમયે માનયુક્ત રીતે જાળવવી જોઈએ. વિશ્વાસીઓએ તેમ જ ઈશ્વરના સેવકોએ તેમની જવાબદારીઓ પરિપૂર્ણ કરવામાં ઘણી કાળજી રાખવી જોઈએ. ઈશ્વરના બાળકોને આ જગતમાં ઊંચા કરવામાં આવ્યા છે. જો કે તેઓ આ જગતમાં રહે છે, તેમનું મહત્ત્વાકાંક્ષી ગંતવ્ય સ્થાન ઈશ્વરનું રાજ્ય છે.

**૨. તારણના વસ્ત્ર :**

‘‘હું યહોવામાં અતિશય આનંદ કરીશ. મારો જીવ મારા દેવમાં હરખાશે; કેમ કે જેમ વર પોતાને મુગટથી સુશોભિત કરે છે, ને કન્યા પોતાને આભૂષણથી શણગારે છે, તેમ તેણે મને તારણના વસ્ત્ર પહેરાવ્યાં છે, ન્યાયીપણાનો ઝભ્ભો મારા પર ઓઢાવ્યો છે.’’ (યશાયા ૬૧:૧૦).

વસ્ત્ર માણસને દર્શાવે છે. હોસ્પિટલમાં, ડોક્ટરો તથા પેરા-મેડીકલ કર્મચારીવર્ગને, તેઓ જે પ્રકારની ફરજ બજાવે છે, તે પ્રમાણે પહેરવાના વસ્ત્ર આપવામાં આવે છે. તેવું જ સુરક્ષા કર્મચારી, સ્વચ્છતા કર્મચારી, પારિચારીકાઓ તથા ડોક્ટરો માટે પણ છે. તેમણે પહેરેલા વસ્ત્ર તેમની ફરજ જણાવે છે.

તેવી જ રીતે, જે લોકો ઈસુ ખ્રિસ્તના રક્તથી ધોવાયા છે, તેમને તારણના વસ્ત્ર પહેરાવામાં આવે છે. ‘‘કપટવાસનાથી ભ્રષ્ટ થતું તમારી આગલી વર્તણૂકનું જૂનું માણસપણું દૂર કરો, અને તમારી મનોવૃત્તિઓમાં નવા થાઓ. અને નવું માણસપણું જે દેવના મનોરથ પ્રમાણે ન્યાયીપણામાં તથા સત્યની પવિત્રતામાં સરજાયેલું છે તે પહેરી લો.’’ (એફેસીઓને પત્ર ૪:૨૨-૨૪).

કેટલાક લોકોને આપણે કદાચ જાણતા ન હોઈએ, પણ જો તેઓ બચાવ પામેલા હશે, તો આપણે તેમનામાં દૈવી સ્વભાવ અને તારણનો

(પાન ૬ પર...)


नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।

माध्यमः हिन्दी

सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA

सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान

सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल

योग्यता 10 वी या अधिक
जल्दी करें!

Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ઓગસ્ટ** : અમારી **સેન્ટ મેટ્રીક્યૂલેશન સ્કૂલના** દસમા ધોરણના વિદ્યાર્થીઓનું પબ્લિક સરકારી પરીક્ષામાં ૧૦૦%. પરિણામ આવ્યું છે, તેને માટે.

**૨૦ ઓગસ્ટ** : આપણા **ઈકો ઓફ હીજ કોલ** સહસંપાદકો અને તેમના પરિવારે માટે...

**૨૧ ઓગસ્ટ** : આપણા મુખ્ય ચર્ચ અને શાખા ચર્ચોના પાળકો અને વડીલ સભ્યો માટે...

**૨૨ ઓગસ્ટ** : અમારા **સુવાર્તા છાપખાના** માટે અને તેના કાર્યક્ષમ કાર્યકરો સાથે તેની સતતની કામગીરી માટે...

**૨૩ ઓગસ્ટ** : અમને **ઈકો ઓફ હીજ કોલ** અમારા સુવાર્તા છાપખાનામાં ૧૬ ભાષાઓમાં છપાવવામાં અને વિવિધ જગ્યાઓએ મોકલવામાં સહાય કરવા માટે...

**૨૪ ઓગસ્ટ** : મિશન વિસ્તારોમાં અમારા મિશનરીઓને અને તેમના પરિવારોને સલામત રાખવા માટે...

**૨૫ ઓગસ્ટ** : મુખ્ય ચર્ચમાં અને શાખા ચર્ચોમાં અમારી રવિવારની ભક્તિસભા અને વચનની સેવા માટે...

**૨૬ ઓગસ્ટ** : અમારા ચર્ચમાં નવા સભ્યો ઉમેરવા માટે...

**૨૭ ઓગસ્ટ** : અમારા સર્મથકોને આશીર્વાદિત કરવા માટે...

**૨૮ ઓગસ્ટ** : અમારા વડીલ પાળકો અને તેમના પરિવારો પ્રત્યે તેમની કાળજી સંભાળ માટે...

**૨૯ ઓગસ્ટ** : આપણા સહસંપાદકો અને તેમના સહકાર માટે...

**૩૦ ઓગસ્ટ** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે...

**૩૧ ઓગસ્ટ** : પાછલા મહિનાની અમારી સર્વ જરૂરીયાતો પૂરી પાડવા માટે...

**૦૧ સપ્ટેમ્બર** : અમારી **સેન્ટ પોલ મેટ્રોક્યુલેશન સ્કૂલ** પર, **નહેમ્યા બાઈબલ કોલેજ પર** અને **પત્રવ્યવહાર અભ્યાસક્રમો** પર તેમના આશીર્વાદો માટે...

**૦૨ સપ્ટેમ્બર** : મિશન કાર્યકર્તાઓ તરફથી મોટા સમર્પણ માટે...

**૦૩ સપ્ટેમ્બર** : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલના** નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે...

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ સપ્ટેમ્બર** : અમારી મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓ માટે અને તેના વિસ્તરણ માટે...

**૦૫ સપ્ટેમ્બર** : અમારા **ઈકો ઓફ હીજ** કોલના અમારી મિનિસ્ટ્રીયલ પ્રવૃત્તિઓના ભાગીદારો માટે અને રાજ્ય કો-ઓર્ડીનેટરો માટે...

**૦૬ સપ્ટેમ્બર** : અમારી મિનિસ્ટ્રીયલ વિસ્તરણ માટે અને દુનિયાભરમાં સુવાર્તાના પ્રચાર માટે...

**૦૭ સપ્ટેમ્બર** : ભારતના વણખેડાયેલા વિસ્તારોમાં અમને પહોંચડવામાં સહાય કરવા માટે...

**૦૮ સપ્ટેમ્બર** : સર્વ દેશોમાં એકતા અને શાંતિ માટે...

**૦૯ સપ્ટેમ્બર** : અમારા મુખ્ય ચર્ચ તથા શાખા ચર્ચોના સભ્યોના લાભો માટે...

**૧૦ સપ્ટેમ્બર** : દુનિયાભરમાંની સ્ત્રીઓ અને બાળકોની સલામતી માટે...

**૧૧ સપ્ટેમ્બર** : આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળો સામે સુરક્ષિત જીવન જીવવા માટે.

**૧૨ સપ્ટેમ્બર** : અમારા કાર્યલયના કર્મચારીઓ અને છાપખાનાના કર્મચારીઓને તેમના કામના સમયો દરમિયાન સુરક્ષિત અને તંદુરસ્ત રાખવા માટે...

**૧૩ સપ્ટેમ્બર** : અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે નવા વિદ્યાર્થીઓ ઈશ્વર પૂરા પાડે માટે...

**૧૪ સપ્ટેમ્બર** : દરેક નશો કરનારા અને દુષ્ટતા કરનારાઓને પસ્તાવો કરીને સમર્પણ કરવા માટે પ્રભુને વિનંતી કરીએ.

**૧૫ સપ્ટેમ્બર** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકે માટે...

**૧૬ સપ્ટેમ્બર** : આ મહિનાની અમારી જરૂરીયાતો ઈશ્વર પૂરી પાડે તે માટે...

**૧૭ સપ્ટેમ્બર** : દુનિયાભરના સર્વ ખ્રિસ્તીઓ મધ્યે ઈશ્વર શાંતિ અને આનંદ પૂરા પાડે તે માટે...

**૧૮ સપ્ટેમ્બર** : અમારા રાજ્ય કો-ઓર્ડીનેટરો અને તેમના પરિવારોના ભલા માટે...

(પાન ૪ પરથી આગળ...)

હર્ષ જાણી શકીશું. આપણી મંડળીઓમાં જ નહિ, પણ આપણા કાર્યોના સ્થળે, બજારમાં અને બીજી જગ્યાઓએ પણ, જો બીજા લોકો આપણને ઈશ્વરના બાળકો તરીકે ઓળખી શકે, તો યહોવા પ્રભુનો આશીર્વાદ આપણી સાથે હશે.

આ દિવસોમાં, આત્મિક લોકો પણ યહોવા પ્રભુ, તારણ, પ્રાર્થના એવા શબ્દોનો બીજાઓ મધ્યે વાપર કરતા અચકાતા હોય છે. કેટલાક લોકો દેવળમાં જતી વખતે તેમના હાથમાં બાઈબલ લઈને જતા પણ તેમના મોભાને નીચું માને છે. આ જમાનાના લોકો એ હકીકતથી અજાણ્યા છે કે, ''જે હાથો પવિત્ર બાઈબલ ઊંચકીને જાય છે અને જે પગો યહોવા પ્રભુની આગળ પ્રાર્થનામાં ઘુંટણિયે પડે છે, તેઓ જીવનમાં ક્યારેય નિષ્ફળ જશે નહિ.

એક વાર હું મારા પરિવાર સાથે એક હોટેલમાં ગયો હતો. ખાવાનું શરૂ કરતા પહેલા, અમે સારા દિવસ માટે, સારા ખોરાક માટે પ્રભુને પ્રાર્થના કરી. જ્યારે અમે તે પ્રાર્થના પૂરી કરી ત્યારે અમે આસપાસના ટેબલ પર બેઠેલા કેટલાક ખ્રિસ્તીઓને જોયા જેઓ અમારી તરફ જોઈને કટાક્ષમાં હસી રૂહયા હતા. તેમનો હાવભાવ અને કૃતિ એવું કહી રહ્યા હતા કે, ''આજે પણ આવા સ્વભાવના લોકો ત્યાં છે.' આવો આપણે તેને છોડી દઈએ.

દરેક જગ્યાએ અને દરેક પરિસ્થિતિઓમાં, ઈશ્વરના બાળકો તરીકે આપણે આ સારા લક્ષણો રોપવાનું શીખવું જોઈએ. જેઓ આપણી તરફ જૂએ છે, તેઓએ પોતાને માટે જોવું જોઈએ કે આપણે તારણ પામેલા છીએ. આપણી સંસ્કૃતિ તથા ટેવોથી, કોઈએ આપણને પૂછવું જોઈએ, ''શું તમે ખ્રિસ્તી છો? શું તમે બચાવ પામેલા પૂરુષ/સ્ત્રી છો?'' તે માટે, આપણા દેખાવ અને વસ્ત્રની યોગ્ય જાળવણી રાખવી જોઈએ. આપણો ચહેરો આપણા હૃદયને પ્રતિબિંબિત કરવો જોઈએ.

એક વાર હું મિશન સફર પર કેનેડા ગયો હતો. એક ઠરેલ ઈશ્વરના માણસે મને તેમની મંડળીમાં સેવા માટે આમંત્રણ આપ્યું. તે ઘણા સારા હતા. હું તેમની અંદર ઈશ્વરની પ્રતિમા જોઈ શકતો હતો. સાંજના સમયે, તેઓ મને એક જગ્યાએ લઈ ગયા અને મને શીખવ્યું કે ઈશ્વરના માણસે કેવા વસ્ત્ર પહેરવા જોઈએ અને બીજી બધી રીતભાતો કેવી હોવી જોઈએ. ઉપદેશકો લોકોને ઠપકો આપે છે કે તેમણે નશાયુક્ત પીણા પીવા ન જોઈએ અને મામૂલી આનંદમાં વ્યસ્ત રહેવાથી તેઓએ દૂર રહેવું જોઈએ. પણ કેટલાક જ્યારે વિમાનમાં જાય છે અને તેઓ જેવા છે તેવા પરદેશમાં રહે છે! આ કંઈક દયનીય છે.

રસ્તાઓ પર વાહનો ઝડપથી પસાર થાય છે. જો કે વાહનો ઝડપથી જાય છે અને ટ્રાફિક કેટલો પણ હોય, જ્યારે ટ્રાફિક પોલીસ ''થોભો''નો ઈશારો કે સિગ્નલ બતાવે છે ત્યારે સઘળા વહાનો થોભી જાય છે. અહિં આપણે ''થોભો''નો ઈશારો એક ગણવેશ પહેરેલા ટ્રાફિક પોલીસ અને ગણવેશ ન પહેરેલા માણસ વચ્ચેનો એક મોટા તફાવતને સમજી શકીએ છીએ. જે ગણવેશ તેણે પહેરેલો હોય છે, તે તેનો અધિકાર દર્શાવે છે. આપણા આત્મિક જીવનમાં પણ આપણા તારણનો અનુભવ આપણને અધિકાર આપે છે અને સર્વ દુષ્ટતાથી રક્ષણ કરે છે.

ગીતશાસ્ત્ર ૧૮:૩૫ આ પ્રમાણે કહે છે, ''વળી તે તારા તારણની ઢાલ મને આપી છે; તારે જમણે હાથે મને ઊંચકી રાખ્યો છે, અને તારી અમીદ્રષ્ટિએ મને મોટો કર્યો છે.'' જુઓ, જો આપણે શાંતિમાં જીવવું હોય તો, આપણે યહોવા પ્રભુના તારણની ઢાલ પકડી રાખવી પડશે. તે આપણને સર્વ દુષ્ટતાથી અને આફતોથી બચાવવા ઢાલ તરીકે આપણું રક્ષણ કરે છે.

જ્યારે આપણે શેતાનનો અને જગતના લોકોનો સામનો કરીએ છીએ, ત્યારે તારણનું વસ્ત્ર (ઢાલ) આપણું રક્ષણ કરે છે. મારા એક મિત્ર, જેઓ સેવામાં છે, તેમણે મને સત્ય વાર્તા કહી હતી. એક માણસ દુષ્ટ આત્માઓના પકડમાં હતો અને તે ન કહી શકાય એવી પીડામાં હતો. તે ખોરાક ખાઈ શકતો ન હતો. તે જેઓ તેની પાસેથી પસાર થતા; તેમના પર હુમલો કરતો. તે માંદા માણસનું કુટુંબ તેને માટે પ્રાર્થના કરવા તેને મારી પાસે લાવ્યા.

જ્યારે ઈશ્વરના સેવકે પ્રાર્થના કરવાનું શરૂ કર્યું, તે માણસની અંદરના દુષ્ટ આત્માએ કહ્યું, ''આ માણસ, જીવતા ઈશ્વર, ઈસુ ખ્રિસ્તનું ભજન કરે છે. પણ તેણે આ ગામમાં તાજેતરમાં આત્માઓને બલિદાનો ચઢાવેલા પ્રસંગમાં ભાગ લીધો હતો. તેથી હું આવ્યો છું અને તેની સાથે રહું છું. હું તેને વધારે નુકસાન કરી શકતો નથી, કેમ કે તેના માતાપિતાએ તેનું નામ ઈમ્માનુએલ રાખ્યું છે. તે આ નામ ધરાવે છે, તેથી હું. તેનો નાશ કરી શકતો નથી.'' જૂઓ, ઈમ્માનુએલ નામની સામે પણ શેતાન કેવો શક્તિહિન થઈ જાય છે.

તેથી, જ્યારે આપણે આપણા બાળકોના એવા નામ રાખીએ, ત્યારે આપણે ઘણી


# નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ

**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

ECHO OF HIS CALL (ECHO GROUP)

## માધ્યમ : તામિલ

Regd. Candidate for Membership ATA NEHEMIAH BIBLE COLLEGE CHENNAI ECHO OF HIS CALL ★ Estd. 1969

**સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA**
**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો**
**દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

## ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ
## ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**

**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

કાળજી રાખવી જોઈએ. કેટલાક માબાપ વધુ વિચાર કર્યા વગર, તેમના બાળકોના એવા નામ રાખે છે કે જે ઉચ્ચારવા પણ મુશ્કેલ થઈ પડે છે. તમારા બાળકોના નામ બાઈબલ આધારિત રાખો અને આનંદ કરો. તમે તેમના નામ આત્મિક આગેવાનો અને મિશનરીઓના નામો પરથી પણ રાખી શકો છો અને તેમને વિજયી જીવન જીવવામાં સહાય કરી શકો છો. આવી બાબતો તેમને દીર્ઘાયુષ્ય આપશે અને જીવનમાં સારો ધ્યેય આપશે. ''જુઓ, ચોરની પેઠે હું આવું છું. જે જાગૃત રહે છે, અને પોતાના વસ્ત્ર એવી રીતે સાચવે છે કે પોતાને નગ્ન ચાલવું ન પડે, અને પોતાની લાજ ન દેખાય, તેને ધન્ય છે.'' (પ્રકટીકરણ ૧૬:૧૫).

## 3) અલગ જીવન એ વિજયવંત જીવન છે.

**એ માટે તેને પ્રભુના પ્રિય બાળકો તરીકે દેવનું અનુકરણ કરનારાં થાઓ; અને પ્રેમમાં ચાલો, જેમ ખ્રિસ્તે તમારા પર પ્રીતિ રાખી, અને દેવની આગળ સુવાસને અર્થે આપણી ખાતર સ્વાપર્ણ કરીને પોતાનું બલિદાન આપ્યું, તેમ વ્યભિચાર તથા સર્વ પ્રકારની મલિનતા અથવા લોભ, એઓનાં નામ સરખાં તમારે ન લેવાં, કેમ કે સંતોને એ જ શોભે છે; નિર્લજ્જ તથા મૂર્ખતાભરેલી વાત અથવા ઠઠ્ઠામશ્કરી તમારામાં ન થાય, કેમ કે એ ઘટિત નથી; પણ એને બદલે આભારસ્તુતિ કરવી. કેમ કે આ તો તમે ખાતરીપૂર્વક જાણો છો કે, કોઈપણ વ્યભિચારી અથવા દુરાચરણી અથવા દ્રવ્યલોભી, એટલે મૂર્તિપૂજક, એઓને ખ્રિસ્તના તથા દેવના રાજ્યમાં કંઈ વારસો નથી.''** (એફેસીઓને પત્ર ૫:૧-૫)

કેટલાક લોકો આ જગતમાં એવા સિધ્ધાંત સાથે રહે છે. કે તેઓ તેમની મરજી મુજબ રહી શકે છે અને બોલી શકે છે. પણ ઈશ્વર ચાહે છે કે તેમના લોકો આ જગતના થઈને ન રહે. જગત કદાચ કહે કે જગતની પડખે રહીને જીવો. પણ તે તો ઈશ્વરની ઈચ્છા છે કે આપણે અલગ જીવન જીવીએ. પણ કેટલાક ખ્રિસ્તીઓ, અલગ જીવન જીવવાના બહાના હેઠળ, અન્ય ખ્રિસ્તીઓ સાથે જોડાતા પણ નથી અને દાવો કરે છે કે તેઓ અલગ થયેલા છે, અને બીજાનો કરતા શાસ્ત્રને વધુ જાણે છે. આ ખોટું છે, અલગ જીવન જીવવાનું જે શાસ્ત્રો શીખવે છે, તે જુદું છે, ત્યા ખ્રિસ્તીઓ માટે સાથે રહેવું ખોટું નથી. આપણે આને ખરા ભાવથી સમજવું જોઈએ અને અલગ જીવન જીવવા નીચે પ્રમાણે પાલન કરવું જોઈએ.

### અ) ઈશ્વરને અનુસરવું

હાલના દિવસોમાં, ઘણા ખ્રિસ્તીઓ રાજકારણમાં સંકળાયેલા છે, જો તેઓ ત્યાં પણ સત્ય જાળવી રાખશે. તો ઈશ્વરનું નામ અપવિત્ર કરવામાં આવશે નહિ. તેઓ લોકોની સેવા કરવા માટે તેને વાપરી શકે છે. પણ તે તેમના જીવનનો પ્રથમ પ્રેમ ન હોવો જોઈએ. પણ કેટલાક પાળકો પણ રાજકારણમાં કૂદી પડે છે અને તેમનો સમય અને પ્રતિભાઓ વેડફી નાખે છે. સમય અને નાણા જે તેમની મંડળીઓ અને કુટુંબો માટે ખર્ચાવા જોઈએ, તે રાજકારણ માટે વાપરવા ન જોઈએ. જે પાળકોને ઈશ્વરની સેવા કરવા માટે તેડવામાં આવ્યા છે, તેમણે રાજકારણમાં પડવું ન જોઈએ.

### બ) દુન્યવી બાબતોમાં ગુંથાવું ન જોઈએઃ

**''માટે, મારા દીકરા, ખ્રિસ્ત ઈસુમાં જે કૃપા છે તેમાં તુ સમર્થ થા માટે ખ્રિસ્ત ઈસુના સારા સૈનિક તરીકે તું મારી સાથે દુઃખ સહન કર. યુધ્ધમાં જનાર કોઈ સૈનિક સાંસારિક કામકાજમાં ગુંથાતો નથી કે, જેથી તે પોતાના ઉપરી અમલદારને સંતોષ પમાડે, વળી જો કોઈ અખાડામાં હરીફાઈમાં ઊતરે, તો નિયમ પ્રમાણે હરીફાઈ ર્ક્યા વગર તેને ઈનામ મળતું નથી.''** (૨ તિમોથીને પત્ર ૨:૧,૩-૫). જેમને સેવા માટે તેડવામાં આવ્યા છે, તેઓ તેમના કુટુંબની સહાયતા માટે, ગુજરાન માટે કામ કરી શકે છે. તો પણ તેમણે રાજકારણમાં, સંસ્થાઓમાં, વ્યવસાયોમાં, કોઈ મનોરંજનના મંડપમાં વગેરેમાં પોતાની જાતને ગુંથાવી ન જોઈએ. અહિ શબ્દ ''ગુંથાવું'' એ ઘણો મહત્ત્વનો છે કારણ કે, ''કોઈ ચાકર બે ધણીઓની ચાકરી કરી શકતો નથી; કેમ કે તે એકનો દ્વેષ કરશે, અને બીજા પર પ્રેમ કરશે; અથવા તે એકના

(પાન ૯ પર...)


## ઇકો ઓફ હીજ કોલ
## પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, ''નવુ જીવન-તમારા માટે'' એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**


**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in


## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વરના કાર્ય માટે મારું તેડું — My call for God's Work




એસ. સૅમ સેલ્વરાજ
ઉંમર ૧૮ વર્ષ

જ્યારે હું ૧૬-૧૮ વર્ષની જુવાન વયમાં આવ્યો હતો, ત્યારથી પવિત્ર આત્માના મારા પરના પ્રભાવે મારી અંદરનાં આત્મામાં અને વિચારોમાં બદલાવ લાવવાનું શરૂ કર્યુ હતું, જેને કારણે મને મારી કુશળતાઓ, જેવી કે ટાઈપિંગ, શોર્ટ હેન્ડ, અને અંગ્રેજી વધુ સારી રીતે શીખવામાં દોરવણી પૂરી પાડી હતી અને આ બધુ મને મારી હાલની



બહેન સારા નવરોજી



**પાળક સાધુ યેશુદાસ**

મિનિસ્ટ્રીમાં કામ કરવા માટે ઘણું ઉપયોગી થયું છે. મને ઈશ્વરના સારા સેવકોને જાણવાની પણ તક મળી હતી, જેમ કે, રેવ. એસ. દેવાદાસન (હેરોલ્ડ ઓફ હીજ કમિંગ), પાળક સાધુ યેશુદાસ (કિરૂબાસનમ ચર્ચ), પાળક અબ્રાહમ (ઈન્ડીયન પેન્ટેકોસ્ટલ ચર્ચ), પાળક એન. જીવા નન્ધામ (માગીઝેચી મેગેઝીન) અને બહેન સારા નવરોજી (ચેન્નાઈ) હું તેમનું નિરિક્ષણ કરીને અને તેમની પાસે રહીને, આત્મિક સત્યતા, પવિત્ર જીવન જીવવાનું આકર્ષણ, સખત મહેનત કરવાનો નિશ્ચય, ધીરજ, પ્રેમ, બલિદાન, નમ્રતા, સર્મપણતા, આજ્ઞાપાલન, ઉપવાસ, પ્રાર્થના અને ઈશ્વરની સેવા કરવાનું શીખી શક્યો હતો.

જ્યારે હું તેમના આત્મિક પગલાઓને અનુસરી રહ્યો હતો, ત્યારે મને મજબૂત રીતે સમજાયું કે જે ભલાઈ આકાશમાં આપણા માટે રાખી મૂકેલી છે, તેનો આનંદ આ જગતમાં પણ લઈ શકાય છે.

તે સમયે સ્વ. રેવ. એસ. દેવાદાસને (હેરોલ્ડ ઓફ હિજ કમિંગ) મને પત્ર લખીને, પ્રભુની સેવામાં જોડાવા આમંત્રણ આપ્યુ હતું. હું ઘણો ખુશ થયો હતો કેમ કે તે મારા માટે સારુ ભવિષ્ય હતું, પણ મારા માતાપિતા તે બાબતે ચૂપ હતા. તેથી મેં મારી સાક્ષીઓ વહેંચવાનું, હમેશની જેમ પ્રાર્થના કરવાનું અને સુવાર્તા ટ્રાકો વહેંચવાનું કાર્ય ચાલુ રાખ્યુ હતું. મેં મારી જાતને સંપૂર્ણપણે પ્રભુને સોંપી દીધી હતી અને આ પડકારમાં તેઓ મને દોરવણી પૂરી પાડે તેની ધીરજથી રાહ જોઈ હતી.


જ્યારે કોઈ માર્ગ ખુલ્યો નહિ, ત્યારે હું મારા કેટલાક મિત્રોનો પ્રેમ પામી શક્યો હતો. ત્યાં મારી આત્મિક જીવનમાં પીછેહઠ હતી. જો કે મારામાં ઈશ્વરનું ભય હતું અને તેમનામાં વિશ્વાસ હતો; તો પણ મારામાં કંઈક કરવાની મહત્ત્વાકાંક્ષા હતી. તેથી મેં મારા ઘરનો કેટલોક ભાગ મારા મિત્રોના રાજકીય હેતુ માટે બાજુ પર રાખ્યો હતો અને મારા કેટલાક મિત્રો સાથે જોડાયો, જેવા કે જોન, પેરૂમલ અસારી, મનીકન્દન. મેં એક સંસ્થા ખોલી અને તેનું નામ **સોમ્બેરી મેડમ (લેઝી કોન્વેન્ટ)** રાખ્યું. એમ મારું જીવન બીજે માર્ગે ફંટાઈ ગયું. મારા માતાપિતા અને સંબંધીઓ જાણતા નહતા કે શું કરવું. પણ મારી માતાએ ઉત્સાહી પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ હતું.

આવી પરિસ્થિતિમાં, રેવ. એસ. દેવાદાસન, જેઓ ૬૨ વર્ષની વયના હતા, તેમણે સફેદ વસ્ત્રોમાં, એક હાથમાં છત્રી અને બીજા હાથમાં બાઈબલ સાથે એક સવારે મારા ઘરની મુલાકાત લીધી. તે સમયે મેં તેઓ મારા ઘરની મુલાકાત લેશે એવી અપેક્ષા રાખી ન હતી. મેં એક જ વાર તેમને તેમના કાર્યાલયમાં જોયા હતા. તેમને જોઈને હું ગભરાઈ ગયો અને મારી માતાની પાછળ છૂપાઈ ગયો. પાળક પ્રેમથી અને ગંભીરતાથી મારી તરફ અને મારા ઓરડા તરફ જોઈ રહ્યા હતા. અંતે તેમણે મારી તરફ અને મારી માતા તરફ જોઈને કહ્યું, "ઈશ્વર આ છોકરાને તેમની સેવા કરવા માટે બોલાવી રહ્યા છે. આ છોકરો સામ સેલ્વરાજે મારા કાર્યાલયમાં આવતી કાલે સવારે ૯.૦૦ વાગે આવવાનું છે." પછી તેમણે પ્રાર્થના કરી અને ચાલ્યા ગયા.



*Pr. S. Sam Selva Raj & Rev. S. Devadasan*

તે સમયથી અમારા ઘરમાં આનંદ થઈ રહ્યો. ત્યા એક સુગંધીદાર સુવાસ હતી, જેણે અમારા ઘરને ભરી દીધી હતી. તે દિવસે, મેં મારા





સર્વ મિત્રોને આમંત્રણ આપ્યું અને મારી માતાએ તૈયાર કરેલા ભોજનની લહેજત માણી, ઉજવણી કરી. મેં તેમને કહ્યું કે હું અમારી **''લેઝી કોન્વેન્ટ''** છોડી રહ્યો છું અને તેમને વિદાય કહી. તેઓ દિગમૂઢ થઈ ગયા અને મને કંઈ કહેવા જેવું તેમની પાસે હતુ નહિ, તેથી તેઓ જતા રહ્યા.

બીજે દિવસે, રેવ. એસ. દેવાદાસનની આજ્ઞા પ્રમાણે હું તેમની પાસે ગયો. હું તેમનો આત્મિક દીકરો બન્યો અને તેમને માટે એક નમ્ર સેવક પણ બન્યો. હું તેમના જીવનની દરેક બાબતોનું નિરિક્ષણ કરવા લાગ્યો અને તેમનો નમ્ર સહાયક બન્યો. તેમને અનુસરીને, મેં ઘુંટણિયે પડીને, ઘણા સમય સુધી પ્રાર્થના કરવાનું, ઘણા સમય સુધી મોટેથી બાઈબલ વાંચવાનું અને પ્રભુ મને જે પણ કંઈ કહે, તે લખી લેવાનું શરૂ કર્યુ.



એ જોઈને કે પ્રભુ યહોવા મારો ભવિષ્યમાં કેવી રીતે ઉપયોગ કરવાનો છે, રેવ. એસ. દેવાદાસને મને ઈશ્વરના ન્યાયીપણામાં, પવિત્રતામાં અને ખોવાયેલા આત્માઓના બોજ માટે મહેનત સાથે ગંભીરતાથી દોરવણી પૂરી પાડી. તેમણે મને સત્યતા ભરેલ, પ્રાર્થનાવાદિ જીવન જીવવા અને વચન પર મનન કરવાનું પણ શીખવ્યું. તેમણે મને પ્રામાણિકપણે ઈશ્વરની સેવા કેવી રીતે કરવી, પવિત્ર જીવન શું છે, નાણા વગર પણ ઈશ્વરની મિનિસ્ટ્રી માટે કેવી રીતે મહેનત કરવી તે પણ શીખવ્યું અને ઈશ્વરના વચન અનુસાર ઈશ્વરની મિનિસ્ટ્રી માટે કેવી રીતે નાણા ઊભા કરવા તે પણ શીખવ્યું. તેમણે મને તેમ કરવામાં પણ તાલિમ આપી.

***********

(પાન ૭ પરથી આગળ...)

પક્ષનો થશે, અને બીજીને તુચ્છ ગણશે. દેવની તથા દ્રવ્યની ચાકરી તમે કરી શકતા નથી.'' (લૂક ૧૬:૧૩).

### ક) પ્રેમમાં ચાલવું

''અને પ્રેમમાં ચાલો, જેમ ખ્રિસ્તે તમારા પર પ્રીતિ રાખી , અને દેવની આગળ સુવાસને અર્થે, આપણી ખાતર સ્વાપર્ણ કરીને પોતાનું બલિદાન આપ્યું. તેમ.'' (અફેસીઓને પત્ર ૫:૨).

૧લો કરિંથીઓને પત્રનો ૧૩મો અધ્યાય, સંપૂર્ણ પ્રેમ વિશે બોલે છે. **''પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે; પ્રીતિ અદેખાઈ કરતી નથી, પ્રીતિ આપવડાઈ કરતી નથી; ફૂલાઈ જતી નથી, અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ હિત જોતી નથી, ખીજવાતી નથી, અપકારને લેખવતી નથી; અન્યાયમાં હરખાતી નથી, પણ સત્યમાં હરખાય છે; સઘળું ખમે છે, સઘળું ખરું માને છે, સઘળાની આશા રાખે છે, સઘળું સહન કરે છે.''** (૪-૭)

### ડ) ન્યાયીએ તેની સાથે જોડાવું ન જોઈએ :

વ્યભિચાર અને અશુધ્ધતા જેવી બાબતો, વાસના, નાણા વગેરે પવિત્ર લોકોની વિરૂદ્ધ થતી વાત હોવી જોઈએ નહિ અને આવા નામો તેમની સાથે જોડાવવા પણ ન જોઈએ. તેવી જ રીતે, બેફામ વાતો, અયોગ્ય વાતચીતો, મશ્કરીઓ વગેરે બાબતો ટાળવી જોઈએ. પ્રભુની સ્તુતિ કરવી ખરી બાબત છે. ''વ્યભિચાર તથા સર્વ પ્રકારની મલિનતા અથવા લોભ, એઓનાં નામ સરખાં તમારે ન લેવા, કેમ કે સંતાને એ જ શોભે છે. નિર્લજ્જ તથા મૂર્ખતા ભરેલી વાત અથવા ઠઠ્ઠામશ્કરી તમારામાં ન થાય, કેમ કે એ ઘટિત નથી; પણ એને બદલે આભારસ્તુતિ કરવી.'' (એફેસીઓને પત્ર ૫:૩,૪)

### ઘ) જે લોકોને ઈસુમાં કંઈ ભાગ નથી

જેઓ વ્યભિચાર, મલિનતા અને નાણાની મૂર્તિપૂજામાં સામેલ થાય છે, તેઓ ઈશ્વરના રાજ્યમાં પ્રવેશ કરી શકશે નહિ. ''નિર્લજ્જ તથા મૂર્ખતાભરેલી વાત અથવા ઠઠ્ઠામશકરી તમારીમાં ન થાય, કેમ કે ઘટિત નથી; પણ એને બદલે આભારસ્તૂતિ કરવી. કેમ કે આ તો તમે ખાતરીપૂર્વક જાણો છો કે, કોઈપણ વ્યભિચારી અથવા દુરાચરણી અથવા દ્રવ્યલોભી, એટલે મૂર્તિપૂજક, એઓને ખ્રિસ્તના તથા દેવના રાજ્યમાં કંઈ વારસો નથી.'' (એફેસીઓને પત્ર ૫:૪,૫). દૈવી કવિ થીરૂવાલ્લૂવરે કહ્યું છે : લાંબી દાઢી કે લાંબાં વાળ નહિ, જો નાબૂદ કરવામાં આવે, તો તેને જગત ધિક્કરે છે.'' સાફ દાઢી કે લાંબી દાઢી રાખવાથી ખોટું પ્રતિનિધિત્વ ન કરો. તે હમેશાં સારું છે કે જે બાબતો વિશે મના કરવામાં આવી છે, તેમાં સામેલ ન થવું. 'આ લોક પોતાના હોઠોથી મને માન આપે છે, પણ તેઓના મન મારાથી વેગળાં જ રહે છે. અને તેઓ મારી ફોકટ ભક્તિ કરે છે, કેમ કે પોતાના મત તરીકે તેઓ માણસોની આજ્ઞાઓ શીખવે છે.'' (માથ્થી ૧૫:૮,૯)

### ગ) જીવંત બલિદાન

પ્રેરિત પાઉલ આપણને આપણા શરીરનું જીવંત બલિદાન, પવિત્ર અને ઈશ્વરને માન્ય અર્પણ તરીકે રજૂ કરવા કહે છે, જે યોગ્ય સેવા છે. ''આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો.'' (રોમનોને પત્ર ૧૨:૨) તેથી આપણે

### પસંદ કરેલ

ભારતમાં ખ્રિસ્તી ધર્મ ૨૦૦૦ વર્ષોથી છે. તે યૂરોપિયન મારફતે આવ્યો નથી. તે સંત થોમા મારફતે પ્રથમ સદીમાં આવ્યો હતો. ખ્રિસ્તી ધર્મ એ ગોરાઓનો ધર્મ નથી.

''યાદ રાખો, સંત થોમા ભારતમાં તે સમયે આવ્યા હતા, જ્યારે યૂરોપના ઘણા દેશોએ હજુ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો પણ નહોતો અને તેથી જે ભારતીયો તેમના ખ્રિસ્તી ધર્મને તેનામાં શોધી રહ્યા છે. તેમની પાસે યૂરોપિયન દેશોના અન્ય ખ્રિસ્તીઓ કરતાં લાંબો ઈતિહાસ અને ઉચ્ચ વંશપરંપરા છે. અને તે આપણા માટે ખરેખર ગર્વની બાબત છે કે તેમ થયું હતું.''

**- ડો. રાજેન્દ્ર પ્રસાદ, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ, તા. ૧૮ ડિસેમ્બર, ૧૯૫૫ના રોજ.**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

પુષ્ટિ કરવાનું બંધ કરવું જોઈએ અને બદલવાનું શરૂ કરવું જોઈએ.

આ ખાસ અનુભવ સખત લાગે, પણ જેઓ આ અનુભવમાં આવ્યા છે, તેઓ હજુ પણ ઈશ્વરનો અવાજ સાંભળી શકે છે. ઈશ્વરનો મંડપ માણસોની અંદર છે. ઈશ્વર તેઓની સાથે વાસો કરશે. તેઓ તેમના લોક થશે. **''અને ઈશ્વર પોતે તેઓની સાથે રહીને તેઓનો ઈશ્વર થશે.''** (પ્રકટીકરણ ૨૧:૩). ઈશ્વર આપણને આ જગતમાં પણ આ અનુભવ આપો! આમીન.

* * * * * * * * * * *

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th AUGUST 2022**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**